## અનામતની ટકાવારી દર્શાવતાં પરિશિષ્ટો

| પરિશિષ્ટ ક્રમાંક | વર્ગ | જિલ્લો | ટકાવારીનું ધોરણ અ.જા. | અ.જ.જા. | સા.શૈ. | શા.ખો. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૩ | ૧-૨ | રાજ્ય કક્ષા | ૭ | ૧૫ | ૨૭ | - |
| ૪ | ૩-૪ | રાજ્ય કક્ષા | ૭ | ૧૫ | ૨૭ | ૩ |
| ૫ | ૩ | અમદાવાદ | ૧૧ | ૧૦ | ૨૭ | ૩ |
| ૬ | ૩ | બનાસકાંઠા | ૧૦ | ૭ | ૨૭ | ૩ |
| ૭ | ૩ | સુરેન્દ્રનગર | ૧૧ | ૧ | ૨૭ | ૩ |
| ૮ | ૩ | કચ્છ | ૧૧ | ૬ | ૨૭ | ૩ |
| ૯ | ૩ | મહેસાણા<br>અમરેલી | ૯ | ૧ | ૨૭ | ૩ |
| ૧૦ | ૩ | સાબરકાંઠા | ૯ | ૧૭ | ૨૭ | ૩ |
| ૧૧ | ૩ | જામનગર<br>રાજકોટ | ૭ | ૧ | ૨૭ | ૩ |
| ૧૨ | ૩ | ભાવનગર | ૬ | ૧ | ૨૭ | ૩ |
| ૧૩ | ૩ | જૂનાગઢ | ૯ | ૧ | ૨૭ | ૩ |
| ૧૪ | ૩ | ખેડા | ૬ | ૫ | ૨૭ | ૩ |
| ૧૫ | ૩ | પંચમહાલ<br>સુરત | ૪ | ૪૦ | ૨૭ | ૩ |
| ૧૬ | ૩ | વડોદરા | ૬ | ૨૫ | ૨૭ | ૩ |
| ૧૭ | ૩ | ભરૂચ | ૫ | ૪૦ | ૨૭ | ૩ |
| ૧૮ | ૩ | ગાંધીનગર | ૭ | ૫ | ૨૭ | ૩ |
| ૧૯ | ૩ | વલસાડ | ૩ | ૪૦ | ૨૭ | ૩ |
| ૨૦ | ૩ | ડાંગ | ૧ | ૪૦ | ૨૭ | ૩ |
| ૨૧ | ૪ | જામનગર<br>રાજકોટ<br>ભાવનગર<br>અમરેલી<br>ગાંધીનગર<br>જૂનાગઢ<br>ખેડા | ૭ | ૧૪ | ૨૭ | ૩ |

| પરિશિષ્ટ ક્રમાંક | વર્ગ | જિલ્લો | ટકાવારીનું ધોરણ અ.જા. | અ.જ.જા. | સા.શૈ. | શા.ખો. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨૨ | ૪ | કચ્છ મહેસાણા સાબરકાંઠા | ૯ | ૧૪ | ૨૭ | ૩ |
| ૨૩ | ૪ | અમદાવાદ સુરેન્દ્રનગર બનાસકાંઠા | ૧૦ | ૧૪ | ૨૭ | ૩ |
| ૨૪ | ૪ | વડોદરા | ૭ | ૨૫ | ૨૭ | ૩ |
| ૨૫ | ૪ | પંચમહાલ | ૭ | ૩૦ | ૨૭ | ૩ |
| ૨૬ | ૪ | ભરૂચ | ૭ | ૩૫ | ૨૭ | ૩ |
| ૨૭ | ૪ | વલસાડ સુરત | ૭ | ૪૦ | ૨૭ | ૩ |
| ૨૮ | ૪ | ડાંગ | ૭ | ૫૦ | ૨૭ | ૩ |

**૧૩.૦ રોસ્ટર પદ્ધતિથી બઢતી માટે રાજ્ય કક્ષા તથા જિલ્લા કક્ષાએ અનામતની ટકાવારી**

૧૩.૧ રોસ્ટર પદ્ધતિથી બઢતી દ્વારા ભરવાની જગાઓ માટે નક્કી કરવામાં આવતી ટકાવારીમાં વખતો વખત ફેરફાર થતા રહ્યા છે. છેલ્લે આ બાબતમાં તા. ૯-૯-૨૦૦૦ ના ઠરાવથી ફેરફાર/સુધારા કરવામાં આવ્યા હતા. તે પ્રમાણે હાલ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તથા શારીરિક ખોડખાંપણવાળી વ્યક્તિઓ માટે રાજ્ય કક્ષાએ તેમજ જિલ્લા કક્ષાએ જુદા જુદા વર્ગની જગાઓ માટેની ટકાવારી આ પ્રમાણે છે :-

| તા. ૨૧-૧-૮૬ના ઠરાવના પરિ.નો ક્રમાંક | વર્ગ | જિલ્લા | અ.જા. | અ.જ.જા. | શા.શૈ. | શા.ખો. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨૧ | ૧,૨,૩,૪ | રાજ્ય કક્ષા | ૭ | ૧૫ | – | ૩ |
| ૨૨ | ૩ | અમદાવાદ | ૧૧ | ૧૦ | – | ૩ |
| ૨૩ | ૩ | બનાસકાંઠા | ૧૦ | ૭ | – | ૩ |
| ૨૪ | ૩ | સુરેન્દ્રનગર | ૧૧ | ૧ | – | ૩ |
| ૨૫ | ૩ | કચ્છ | ૧૧ | ૬ | – | ૩ |
| ૨૬ | ૩ | મહેસાણા અમરેલી | ૯ | ૧ | – | ૩ |
| ૨૭ | ૩ | સાબરકાંઠા | ૯ | ૧૭ | – | ૩ |
| ૨૮ | ૩ | જામનગર રાજકોટ | ૭ | ૧ | – | ૩ |

| તા. ૨૧-૧-૮૬ના ઠરાવના પરિ.નો ક્રમાંક | વર્ગ | જિલ્લા | અ.જા. | અ.જ.જા. | શા.શૈ. | શા.ખો. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨૯ | ૩ | ભાવનગર | ૫ | ૧ | - | ૩ |
| ૩૦ | ૩ | જૂનાગઢ | ૮ | ૧ | - | ૩ |
| ૩૧ | ૩ | ખેડા | ૮ | ૫ | - | ૩ |
| ૩૨ | ૩ | પંચમહાલ | ૪ | ૪૦ | - | ૩ |
| | | સુરત | | | | |
| ૩૩ | ૩ | વડોદરા | ૬ | ૨૫ | - | ૩ |
| ૩૪ | ૩ | ભરૂચ | ૫ | ૪૦ | - | ૩ |
| ૩૫ | ૩ | ગાંધીનગર | ૭ | ૫ | - | ૩ |
| ૩૬ | ૩ | વલસાડ | ૩ | ૪૦ | - | ૩ |
| ૩૭ | ૩ | ડાંગ | ૧ | ૪૦ | - | ૩ |

**૧૪.૦ રોસ્ટર ક્યારે લાગુ ન પડે :**

(૧) સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગોને બઢતીથી ભરવામાં આવતી જગાઓ માટે રોસ્ટર પદ્ધતિ લાગુ પડતી નથી.

(૨) વર્ગ-૧ માંથી વર્ગ-૧ની ઉચ્ચ કક્ષાની બઢતીથી ભરાતી જગાઓ માટે રોસ્ટર પદ્ધતિ લાગુ પડતી નથી.

(૩) બદલીથી અથવા પ્રતિનિયુક્તિથી ભરવામાં આવતી જગાઓને રોસ્ટર પદ્ધતિ લાગુ પડતી નથી.

(૪) વર્ગ-૨ માંથી વર્ગ-૧માં બઢતી માટે વર્ગ-૧ની ઉપલબ્ધ સૌથી નીચલી શ્રેણીની જગાને રોસ્ટર લાગુ પડે છે.

(૫) ગુજરાત જાહેર સેવા આયોગના ક્ષેત્રમર્યાદા બહારની રાજપત્રિત જગાઓને રોસ્ટરના હુકમો લાગુ પડતા નથી.

(૬) પૂરરાહત, અકસ્માત કામો અને અન્ય રાહત કામો ઉપરના વર્કચાર્જ જગાઓ રોસ્ટરના અમલમાંથી બાકાત રાખવામાં આવી છે.

**૧૫.૦ રોસ્ટર પદ્ધતિ**

રોસ્ટર પોઈન્ટનો હેતુ ભરતી વખતે અથવા બઢતી આપતી વખતે આવી અ.જા./ અ.જ.જા./ સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ અને શારીરિક ખોડખાંપણવાળાને કેટલી જગા મળવાપાત્ર છે તે નક્કી કરવાનો છે. પરંતુ નિમણૂક કે બઢતી તો મેરીટક્રમ પ્રમાણે કે પસંદગી યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારની સીનિયોરીટી પ્રમાણે જ આપવાની છે. સીધી ભરતી કે બઢતીથી નિમણૂક વખતે રોસ્ટર રજીસ્ટરમાં નોંધ જે તે વ્યક્તિ હાજર થાય તે તારીખે કરવાની છે. નિમણૂક હુકમ વખતે કે ફક્ત નિમણૂક/બઢતીના હુકમના આધારે નોંધ કરવામાં આવે તો જે તે વ્યક્તિ હાજર ન થાય તો પોઈન્ટ ગમે તે વર્ગમાં ખોટો ગણાઈ જાય તે માટે આ જરૂરી છે.

૧૬.૦ ઝોન એક કન્સીડરેશન

બિનઅનામત કર્મચારીઓ/અધિકારીઓને બઢતીના તબક્કે અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના કર્મચારીઓ/અધિકરીઓની અપેક્ષાએ હાડમારી જણાય તેવા કિસ્સાઓમાં બઢતીને પાત્ર વ્યક્તિઓની પસંદગી યાદી એવી રીતે ઘડવી કે જેથી અનુ.જાતિ/અનુ. જનજાતિના કિસ્સામાં વિચારણાનું ક્ષેત્ર ખાલી જગાઓની સંખ્યા કરતાં ત્રણગણાથી વધવા પામે નહિ એટલે કે બીજા શબ્દોમાં, ખાલી જગાઓની સંખ્યા કરતાં ત્રણગણી સંખ્યામાં સીનિયોરીટીના ધોરણે વિચારણાને પાત્ર થતા ઉમેદવારો પૈકીના અનુ.જાતિ/અનુ. જનજાતિના ઉમેદવારોને બઢતી માટે વિચારવાના રહેશે.

૧૭.૦ પસંદગી માટે યાદી

પસંદગી યાદી એક વર્ષમાં ઉપલબ્ધ થનાર જગાઓ માટે એક વર્ષ માટે જ બનાવવાની છે. ૭ માસ પછી પુનઃ સમીક્ષા કરીને પસંદગી યાદી જરૂર પડે તો ટૂંકી કરવાની છે કે જેથી વર્ષ આખરે સીનિયોરીટી કુદાવી પસંદગી યાદીમાં લીધેલ અનામત ઉમેદવાર જગાઓ પૂરેપૂરી ન ભરાવાને કારણે બઢતીથી વંચિત રહી ન જાય. પસંદગી યાદી માટે (૧) નવી મંજૂર થયેલી ખરેખર જગાઓ (૨) નિવૃત્તિથી ખાલી પડનાર જગાઓ, (૩) બઢતીથી ખાલી પડનાર ચોક્કસ જગાઓ જ ધ્યાનમાં લેવાની છે.

૧૮.૦ બઢતીમાં રોસ્ટર પદ્ધતિની મોકૂફી

કોઈપણ ખાતા/વિભાગમાં કોઈપણ સંવર્ગમાં ઉપલબ્ધ કર્મચારીઓ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના કર્મચારીઓની સંખ્યા નિયત ટકાવારી વત્તા એક ટકા વધુ કરતાં વધી જાય તે વખતે, બઢતીમાં રોસ્ટરનો અમલ અને કેરી ફોરવર્ડ પદ્ધતિનો અમલ મોકૂફ રાખવાનો છે અને આ વર્ગનું પ્રતિનિધિત્વ નિયત ટકાવારી વત્તા એક ટકા વધુ હોય તેટલી સંખ્યાથી નીચું ન જાય ત્યાં સુધી તે મોકૂફ રહેશે. આમ છતાં સીનિયોરીટી ક્રમ પ્રમાણે પસંદગી યાદીમાં આવતાં અનુ.જાતિ/અનુ.જ.જા.ના ઉમેદવારોને બઢતીથી બાકાત રાખી શકાય નહી.

૧૯.૦ બેકલોગ

૧૯.૧ બેકલોગથી આગળ ખેંચાતી બઢતીની જગાઓ બઢતીથી ભરી શકાય તેમ ન હોય તો તે જગાઓ ભરવા માટે સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી કરવાની છે. [જા. તા. ૨૯-૧૨-૮૯]

૧૯.૨ સીધી ભરતીમાં સામાન્ય વહિવટ વિભાગના તા. ૫-૭-૮૯ ના ઠરાવની જોગવાઈ અનુસાર બે પ્રયત્નોને અંતે જે તે જાતિઓની અનામત સામે તે જાતિના ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો અનામત ખાલી જગાએ તે પછીના ભરતી વર્ષ સુધી વણવપરાયેલી રહેશે. ત્રણ ભરતી પ્રસંગો પછી પણ જો આવી જગા ભરી શકાઈ ન હોય તો તે સીધી ભરતીથીની જગાઓ તથા બઢતીથી અનામત ઉમેદવારો ન મળવાને કારણે ન ભરાયેલી જગાઓ તા. ૨૯-૧૨-૮૯ ના જાહેરનામા પ્રમાણે જ બેકલોગની જગાઓ ગણીને સીધી ભરતીથી ભરવાની રહેશે અને તા. ૧૫-૨-૯૯ ના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ મુજબ/સૂચનાઓ મુજબ ખાસ પ્રયત્નો કરી ભરવાની રહેશે.

૧૯.૩ સીધી ભરતીથી ભરવાની જગાઓમાં બેકલોગથી ભરવાની જગાઓ માટે જાહેર ખબર, જિલ્લાની સમાજ કલ્યાણ કચેરીઓ, રોજગાર વિનિમય કચેરી અને નિયામક સમાજ કલ્યાણ દ્વારા અરજી મંગાવવા પૂરતા અને સઘન પ્રયત્ન કરવા જરૂરી છે. આવી દરેક કાર્યવાહીની જાણ અ.જા. અને અ.જ.જાતિના, સામાજિક અને શૈક્ષણિક પછાત જાતિના, સામાજિક અને અગર શૈક્ષણિક સંગઠનો અને સેવા સંસ્થાઓને કરવાની છે, આથી આવી સંસ્થાઓ પણ તેમની કચેરીના રેકર્ડના આધારે યોગ્ય ઉમેદવારને જાણ કરી શકે.

## ૨૦.૦ અનામત જગાને બિનઅનામતમાં ફેરવવી

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારને બઢતી વખતે ખાનગી અહેવાલ આધારે લાયક ન ઠરાવવામાં આવે ત્યારે સમાજકલ્યાણ વિભાગની પૂર્વ સંમતિ મેળવવી જરૂરી છે. ટેકનીકલ, વૈજ્ઞાનિક, ઈજનેરી અને તબીબી શાખાની કે ઉચ્ચ પ્રકારની લાયકાત ધરાવતી અનામત જગાઓને સીધી ભરતી દ્વારા ભરવાના ત્રણ પ્રયાસ કરવા છતાં ભરવી શક્ય ન બને તો સરકારની પૂર્વઅનૂમતી મેળવીને બિનઅનામતમાં ફેરવવાનું વિચારી શકાય.

## ૨૧.૦ અનામતમાંથી બાકાત રાખવા માટેના ઉન્નત વર્ગો :

રોસ્ટર પદ્ધતિના અમલમાંથી નીચે દર્શાવેલ વ્યક્તિઓ/વર્ગોને અનામતની જોગવાઈઓમાંથી બાકાત રાખવાનું (Rules of Exclusions લાગુ કરવાનું) સરકારે ઠરાવ્યું છે. સરકારી સેવાઓમાં અને ઉચ્ચ શિક્ષણમાં શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશના તબક્કે રાખેલી અનામતની જોગવાઈમાંથી પણ આ ઉન્નત વર્ગોને બાકાત રાખવાનું ઠરાવવામાં આવ્યું છે. તેમ છતાં કારીગર વર્ગ તથા. વારસાગત વ્યવસાય/ધંધામાં રોકાયેલા વ્યક્તિઓ (Persons working as artisans or engaged in hereditary occupation callings) કે જેની યાદી હવે પછી બહાર પાડવામાં આવશે, તેમને અનામતની જોગવાઈમાંથી બાકાત રાખવાનો નિયમ (Rules of Exclusions) લાગુ પડશે નહિ. તેમ પણ સરકાર ઠરાવ્યું છે :-

[સ.ઠ. સમાજ કલ્યાણ વિ. તા. ૧-૧૧-૯૫]

(૧) સંવિધાનિક હોદ્દા :

નીચે જણાવેલ વ્યક્તિઓના પુત્ર/પુત્રો અને પુત્રી/પુત્રીઓ

(ક) ભારતના રાષ્ટ્રપતિ

(ખ) ભારતના ઉપરાષ્ટ્રપતિ

(ગ) સર્વોચ્ચ અદાલત અને ઉચ્ચ અદાલતોના ન્યાયાધીશો

(ઘ) સંઘ લોક સેવા આયોગ અને રાજ્ય જાહેર સેવા આયોગના અધ્યક્ષ અને સભ્યો મુખ્ય ચુંટણી આયુક્ત ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ

(ચ) સમાન પ્રકારના સંવિધાનિક દરજ્જો ધરાવતી વ્યક્તિઓ.

(૨) સેવા કક્ષા :

(ક) અખિલ ભારતીય કેન્દ્રીય અને રાજ્ય સેવાઓના જૂથ-ક વર્ગ-૧ના અધિકારીઓ (સીધી ભરતીથી નિમાયેલા)

નીચે જણાવેલ વ્યાકતઓના પુત્ર/પુત્રો અને પુત્રી/પુત્રીઓ.

(ક) માતા/પિતા બંને વર્ગ-૧નાં અધિકારીઓ હોય,

(ખ) માતા-પિતા બેમાંથી એક વર્ગ-૧ના અધિકારી હોય,

(ગ) માતા-પિતા બંને વર્ગ-૧ના અધિકારી હોય, પરંતુ બેમાંથી એકનું મૃત્યુ થયુ હોય અથવા કાયમી અશક્તતાથી પીડાતા હોય,

(ઘ) માતા-પિતા બેમાંથી એક વર્ગ-૧ના અધિકારી હોય અને એમનુ મૃત્યુ થયુ હોય અથવા તે કાયમી અશક્તતાથી પીડાતા હોય તથા એમના મૃત્યુ કે આવી અશ્કતતા પહેલાં તેમને પાંચ વર્ષથી ઓછા નહિ એટલા સમયગાળા માટે સંયુક્ત રાષ્ટ્ર આંતર રાષ્ટ્રીય નાણાં નિધિ, વિશ્વબેંક, વગેરે જેવા કોઈપણ આંતરાષ્ટ્રીય સંઘટનમાં નોકરીનો લાભ મળ્યો હોય,

(ચ) માતા-પિતા બંને વર્ગ-૧ના અધિકારી હોય, તેઓ મૃત્યુ પામ્યા હોય અથવા કાયમી અશ્કતતાથી પીડાતા હોય અને બંનેના મૃત્યુ કે કાયમી અશક્તતા પહેલાં બેમાંના એકને પાંચ વર્ષથી ઓછા નહિ તેટલા સમયગાળા માટે સંયુક્ત રાષ્ટ્ર આંતરરાષ્ટ્રીય નાણાં નિધિ, વિશ્વબેંક, વગેરે જેવા કોઈપણ આંતરાષ્ટ્રીય સંઘટનમાં નોકરીનો લાભ મળ્યો હોય,

પરંતુ નીચેના કેસોમાં બાકાત રાખવાનો નિયમ લાગુ પડશે નહિ.

(ક) માતા-પિતા બંનેમાંથી એક અથવા બંને વર્ગ-૧માં અધિકારી હોય અને આવા માતા કે પિતાનું અથવા બંનેનું મૃત્યુ થયુ હોય અથવા તે કાયમી અશક્તતાથી પીડાતા હોય તેમનાં પુત્રો અને પુત્રીઓ.

(ખ) અન્ય પછાત વર્ગની કક્ષામાં આવતી હોય તેવી મહિલા, જેણે વર્ગ-૧ના અધિકારી સાથે લગ્ન કર્યા હોય અને જે પોતે નોકરી માટે અરજી કરવા ઈચ્છી હોય.

(ખ) કેન્દ્રીય અને રાજ્ય સેવાઓના જૂથ-ખ વર્ગ-૨ના અધિકારીઓ (સીધી ભરતીથી નિમાયેલા)

નીચે જણાવેલા વ્યક્તિઓના પુત્ર/પુત્રી અને પુત્રી/પુત્રીઓ -

(ક) માતા-પિતા બંને વર્ગ-૨ના અધિકારી હોય,

(ખ) માતા-પિતા બંનેમાંથી ફક્ત પિતા વર્ગ-૨ના અધિકારી હોય અને તેણે ૪૦મા વર્ષે કે તે પહેલાં વર્ગ-૧માં બઢતી મેળવી હોય.

(ગ) માતા-પિતા બંને વર્ગ-૨નાં અધિકારી હોય અને તેમાના એકનું મૃત્યુ થયુ હોય અથવા તે કાયમી અશક્તતાથી પીડાતા હોય અને બંનેમાંના એકને એમના મૃત્યુ કે કાયમી અશક્તતા પહેલાં પાંચ વર્ષથી ઓછા નહિ તેટલા સમયગાળા માટે સંયુક્ત રાષ્ટ્ર આંતરરાષ્ટ્રીય નાણા નિધિ, વિશ્વબેંક, વગેરે જેવા કોઈપણ આંતરાષ્ટ્રીય સંઘટનમાં નોકરીનો લાભ મળ્યો હોય,

(ઘ) માતા-પિતા બંનેમાંથી પિતા વર્ગ-૧ના અધિકારી (સીધી ભરતીથી કે ૪૦ વર્ષ થતાં પહેલાં બઢતીથી) હોય અને માતા વર્ગ-૨ના અધિકારી હોય અને તેમનું મૃત્યુ થયું હોય અથવા તે કાયમી અશક્તતાથી પીડાતી હોય, અને

(ચ) માતા-પિતા બંનેમાંથી માતા વર્ગ-૧ના અધિકારી (સીધી ભરતીથી કે ૪૦ વર્ષ થતાં પહેલાં બઢતીથી) હોય અને માતા વર્ગ-૨ના અધિકારી હોય અને તેમનું મૃત્યુ થયું હોય અથવા તે કાયમી અશક્તતાથી પીડાતી હોય.

પરંતુ નીચેના કેસોમાં બાકાત રાખવાનો નિયમ લાગુ પડશે નહિ.

નીચે જણાવેલ વ્યક્તિના પુત્રો અને પુત્રીઓ

(ક) માતા-પિતા બંને વર્ગ-૨ ના અધિકારી હોય અને તેમનાં એકનું મૃત્યુ થયુ હોય અથવા તે કાયમી અશક્તતાથી પીડાતા હોય,

(ખ) માતા-પિતા બંને વર્ગ-૨ ના અધિકારી હોય અને બંને મૃત્યુ પામ્યાં હોય અથવા કાયમી અશક્તતાથી પીડાતા હોય, પરંતુ બેમાંથી એકને તેમના મૃત્યુ કે કાયમી અશકતતા પહેલાં પાંચ વર્ષથી ઓછા નહિ તેટલા સમયગાળા માંટે સંયુક્ત રાજ્ય સંઘ, આંતર રાષ્ટ્રીય નાણા નિધિ, વિશ્વબેંક, વગેરે જેવા કોઈપણ આંતરાષ્ટ્રીય સંઘટનમાં નોકરીનો લાભ મળ્યો હોય,

(ગ) જાહેરક્ષેત્રના ઉપક્રમો વગેરેના કર્મચારી

ઉપર કક્ષા-ક અને ખ માં જણાવેલ માપદંડો, જાહેરક્ષેત્રના ઉપક્રમો, બેન્કો વીમા સંઘટનો, યુનિવર્સિટીઓ, વગેરેમાં સમાન કે સમકક્ષ જગા ધરાવતા અધિકારીઓને તેમજ ખાનગી રોજગાર ક્ષેત્ર હેઠળ સમાન કે સમકક્ષ જગા અને દરજ્જો ધરાવતા અધિકારીઓને ઉચિત ફેરફાર સાથે લાગુ પડશે, આ સંસ્થાઓમાંની જગાઓનું મુલ્યાંકન, સમાન કે સમકક્ષ દરજ્જાના ધોરણે કરવામાં આવે ત્યાં સુધી, આ સંસ્થાઓના અધિકારીઓને, નીચે કક્ષા-ક માં નિર્દિષ્ટ કરેલ માપદંડ લાગુ પડશે.

(૩) અર્ધલશ્કરી દળો સહિત સશસ્ત્ર દળો (મુલ્કી હોદ્દા ધરાવતી વ્યક્તિઓના સમાવેશ કરવામાં આવ્યો નથી)

માતા-પિતા બંનેમાંથી અથવા નૌકાસેના, વાયુસેના અને અર્ધલશ્કરી દળોમાં સમાન હોદ્દા પર હોય તેમનાં પુત્ર (પુત્રી) અને પુત્રી/પુત્રીઓ.

પરંતુ શરત એ રહેશે કે :-

(૧) સશસ્તદળના અધિકારીની પત્ની પોતે સશસ્ત્રદળમાં હોય એટલે કે વિચારણા હેઠળની કક્ષામાં આવતી હોય તો જ્યારે તે પોતે કર્નલના દરજ્જાએ પહોંચે ત્યારે જ બાકાત રાખવાનો નિયમ લાગુ પડશે.